# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ભીડની વચ્ચેય એકાકી રહી
એટલે તો જાત આ આખી રહી

થાય તે જોયા કર્યું, રાજી રહી
કોણ રાજી થઈ શક્યું કાજી રહી?

એ નજર કંઈ એ રીતે તાકી રહી
આપણી સૌ વાત બસ બાકી રહી

હાલ પૂછ્યો છે અમસ્તો એમણે
કેમ કહેવું, 'ખૂબ હાલાકી રહી'

ચામડીની જેમ ઓઢી નમ્રતા
લોહીમાં થોડીક ગુસ્તાખી રહી

- રઈશ મનીઆર

## પાથેય

- રમેશ ઠક્કર

# જિંદગીનું મેઘધનુષ

કોલાહલ વચ્ચે પણ પોતાનું એકાંત શોધી લેવું એ નાનીસૂની વાત હોતી નથી.ભીડ વચ્ચે રહેવાનું બધાને ગમે છે.જેવા દેશ એવા વેશ અને જેવી સોબત એવી અસર એવું સહજ બનતું હોય છે..પરંતું ભીડ વચ્ચે પણ જે માણસ એકલો રહી શકે એ અનોખો હોય છે..આ કળા આત્મસાત કરવા જેવી છે..ટોળામાં રહેતો માણસ અકબંધ રહી શકતો નથી..પોતાની જાતને જો ટકોરાબંધ રાખવી હોય તો એકાંતનો ઉજાસ આપણી આસપાસ પાથરી લેવાનો હોય છે..એવા ઉજાસમાં જ જિંદગીનું મેઘધનુષ ખીલી ઉઠે છે..

જગતમાં પારકી પળોજણ કરનારાઓની કમી હોતી નથી..સહુને જગત જમાદાર બનવાનો ચસકો હોય છે..માણસ જયારે પોતાની મર્યાદાઓને સમજવાને બદલે અન્યની ઉણપોને ઉજાગર કરી સતત જગતકાજી બનતો રહે તો એનાથી એ કશું પામી શકતો નથી..જે થાય છે જે બને છે એ બધું સહજભાવે જોવાનું હોય છે..આપણે સતત કોઈની ભૂલો કાઢી રાજી રહેતા હોઈએ છીએ..જે માણસ આખા જગતનો કાજી બનવાની કોશિશ કરે એ ભાગ્યે જ રાજી રહી શકતો હોય છે..

ઘણા લોકોનો પ્રભાવ જ એટલો પ્રગાઢ હોય છે કે એની એક નજરમાં જ આપણે મુગ્ધ બની જતા હોઇએ છીએ..એ પછી જાણે આપણે કશું જ કહેવાનું બાકી રહેતું નથી..એક નજરના પ્રભાવ આપણી સો વાત કહેવાની રહી જાય છે.આવી પ્રભાવક નજર કોની હોય ? એ કદાચ હોઇ શકે પ્રિયજનની કે પછી કોઇ પરમ તત્વની..

ક્યારે સ્હેજ લાગણી બતાવી પૂછીએ કે કેમ છે ? તો કેટલાક લોકો આખી જિંદગીનો થાક આપણા હાથમાં થમાવી દેતા હોય છે..હાથમાં હાલાકી અને પોતાની મુશ્કેલીઓનું મસમોટું લિસ્ટ લઇ ફરતા લોકો ગજબ હોય છે..આપણે અમસ્તું પણ એમનું અભિવાદન કરીએ તો પણ જાણે એક ડર સથાવતો હોય છે કે એ આપણને જવાબમાં હાલાકીનો હોંકારો આપી દેશે.અમુક લોકોની નમ્રતા ચામડી જેવી હોય છે. ઉપરથી એક કવચ દેખાય..એની ભીતર તારીખ તો અટપટા ખેલ ભાસે ! અમુક લોકો ઇચ્છે તો પણ સીધા રહી શકે નહીં..બાહય રીતે ભલે એ સીધાસાદા લાગતા હોય પણ એમના લોહીમાં છૂપી ગુસ્તાખી ભળેલી હોય છે..માણસના વિવિધ રંગો પણ મેઘધનુષી રંગોથી કમ નથી !

# જગદ્‌ગુરુ શંકરાચાર્યનું પરિનિર્વાણ

**તંત્રીસ્થાનેથી...**

હિંદુત્વવાદી પરિબળોને પણ વારંવાર પડકારતા રહેતા હિંદુધર્મના સર્વોચ્ચ ધર્માધ્યક્ષ જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતી નવ્વાણુમા વર્ષે બ્રહ્મલીન થાય છે. એમની મૂળ ભૂમિમાં જ એમને દેહ છોડ્યો છે અને ત્યાં જ એમની સમાધિ થશે. મધ્યપ્રદેશના નરસિંહપુર જિલ્લાના પરમહંસી આશ્રમમાં જ એમને કુમળી વયે તપ કર્યું હતું અને છેલ્લા શ્વાસ પણ ત્યાં જ લીધાં. 'શંકરાચાર્ય' એ સનાતન ધર્મના સાધુ માટેનું સર્વોચ્ચ પદ છે. આદિ શંકરાચાર્યે માત્ર બત્રીસ વર્ષના મર્યાદિત આયુષ્ય દરમિયાન દેશના ચાર ખૂણે ચાર પીઠો સ્થાપી હતી અને પોતાના પ્રખર શિષ્યોને એ પીઠો પર ત્યાંના 'શંકરાચાર્ય' નીમ્યા હતા. એ પરંપરા આજ પર્યંત ચાલુ રહેવા પામી છે. સ્વરૂપાનંદ સરસ્વતી એક સાથે બે પીઠો દ્વારકા શારદાપીઠ અને બદરીનાથ જયોતિર્મઠની જવાબદારી સંભાળતા હોઈ એમના માટે 'દ્વિપીઠાધીશ્વર' જેનું સન્માનવાચક વિશેષણ વપરાતું હતું. પદ માટે પણ ધર્મમાં વાદ વિવાદ ચાલતા રહેતા હોય છે. બે પીઠો પર એક જ ધર્માત્માની વરણી પાછળ આવું જ કોઈ ટેકનિકલ કારણ હશે જેની ચર્ચા અત્યારે પ્રસ્તુત નથી. મૂળ મુદ્દો એ જ કે સનાતન ધર્મને એક સૂત્રમાં પરોવી અકબંધ અને અડીખમ રાખવાની આદિ શંકરાચાર્યની મંશા સિદ્ધ થવી જોઈએ. સનાતન ધર્મ એની અંતર્નિહિત ઉદારતાને કારણે સતત નવા નવા સંપ્રદાયોમાં વહેંચાતો - વેતરાયો રહ્યો છે. આદિ શંકરના સમયમાં પણ મુખ્ય બે મતો વચ્ચે વૈમનસ્ય હતું જ. શૈવો અને વૈષ્ણવો વચ્ચેની ચડસાચડસી શમાવવા સારું જ ચાર પીઠોની સ્થાપના કરી. પોતે 'શંકર' નામ ધરાવતા હતા, પરંતુ જે ચાર પીઠો સ્થાપી તે વૈષ્ણવ પીઠો છે. વિષ્ણુને જગતના પાલનહાર ગણવામાં આવ્યા છે. ધર્મનો અર્થ પણ 'પ્રજાને ધારણ કરે તે ધર્મ' એવો કરાયો છે. 'ધારયતે ઈતિ ધર્મ :' વળી 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' જેવાં સૂત્રો સુવિદિત છે. શિવ તો આદિ દેવ છે. પશ્ચિમના સંશોધકોએ એમને દ્રવિડોના દેવ કહ્યા છે. વિષ્ણુ આર્યોના દેવ ગણાયા અને વિવિધ કાલાન્તરે અવતાર પણ ધારણ કરતા રહ્યા, જેમાં રામ અને કૃષ્ણ પછી બુદ્ધનો પણ સમાવેશ કરાયો છે. મુખ્ય મુદ્દો છે સંસ્કૃતિની ગરિમાને સુરક્ષિત રાખવાનો અને રાષ્ટ્રને અખંડ રાખવાનો. રાષ્ટ્ર શબ્દ ભલે ન વપરાતો હોય પણ આર્યાવર્તને એકસૂત્રમાં બાંધવા અને સાંધવાનું કામ એક દ્રવિડ ભૂમિના તરુણવયના સાધુએ કર્યું હતું, જેણે આપણે 'આદિશંકરાચાર્ય'ના નામે ઓળખીએ છીએ. એ તરુણ પાછો સંવેદનશીલ કવિ પણ હતો. અને અનુકંપા તો એવી કે એણે સેંકડો વર્ષો પૂર્વે વર્ણાશ્રમ વ્યવસ્થાને કારણે સરજાયેલા અસ્પૃશ્યતા સામે બૂંગિયો ફૂંક્યો હતો અને કહ્યું હતું :સુનિકે ચ શ્વપાકે ચ પંડિયાઃ સમદર્શિત : । (કૂતરું હોય કે ચાંડાલ - સાચી સમજણ ધરાવતા માનવીને મન તો બધા જીવો સરખા છે.) શંકરાચાર્ય પરંપરાના શિરોમણિ સમા બ્રહ્મલીન સ્વરુપાનંદજીએ યુવા વયે ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં ભાગ લઈ એમની અઠંગ દેશભક્તિનો પરિચય આપ્યો હતો. એમણે અયોધ્યાના રામજન્મભૂમિ મંદિર મુદ્દે લડત ચલાવી હતી પણ એનો રાજકીય મુદ્દા તરીકે ઉપયોગ કરનારાં હિંદુત્વવાદી પરિબળોને વારંવાર ટપાર્યા અને પડકાર્યા હતા. સાંઈબાબાને ભગવાન માનીને પૂજનારા સમુદાયને પણ એમને ઠપકાર્યો હતો. હિંદુ સનાતન ધર્મની વધુ પડતી ઉદાર અને ઉદાત્ત નીતિ-રીતિને કારણે ધર્મ અનેક વાડાઓમાં વહેંચાઈ ગયો છે એનું તેઓને કષ્ટ કરતું હતું. જયારે ખ્રિસ્તીઓ વિશ્વસ્તરે એમના સર્વોચ્ચ ધર્માધ્યક્ષ તરીકે પોપનું માન જાળવે છે અને યુરોપ- અમેરિકા સહિત તમામ રાષ્ટ્રોએ પોપના નાનકડા વેટિકન સિટીને રાષ્ટ્રનો દરજ્જો આપી રાખ્યો છે ત્યારે આખી દુનિયામાં સાંસ્કૃતિક દૃષ્ટિએ અગ્રદૂત ગણાતા હિંદુસ્તાનના હિંદુ ધર્માધ્યક્ષને ખુદ હિંદુઓ જ હાંસિયેમ મૂકતા રહ્યા છે તે પણ કેવિ વિડંબના છે! પોપને કોઈ પણ રાષ્ટ્રમાં રાષ્ટ્રના વડા જેવું માન અને સ્થાન અપાય છે. આપણા સંકુચિત વિચારસરણી વાળા ધર્માધ્યક્ષ તો સમુદ્ર ઓળંગવામાં જ પાપ ગણતા રહ્યા ! આથી એ મર્યાદાનું ઉલ્લંઘન કરનારા હિંદુ કથાકારો - સંતો આખી દુનિયા ઘમરોળતા રહે છે અને ધર્મના સર્વોચ્ચ વડા નરસિંહપુરના પરમહંસી આશ્રમમાં ચુપચાપ છેલ્લા શ્વાસ લઈ વિદાય લઈ જાય છે કેવી વિડંબના છે ! હિંદુ રાષ્ટ્રના મૂળ મંત્રદ્રષ્ટા જ ગૌણ બની ગયા અને ભળતા જ લોકો તરી ગયા ! એ દિવ્ય આત્મા માટે પ્રાર્થના કરીએ.

# 'બેટા, સારી આદતો પાડશો તો તમને જ ઉપયોગી થશે અને આવનારી મુશ્કેલીઓમાંથી બચી શકશો'

'બેટા, સારી આદતો પાડશો તો તમને જ ઉપયોગી થશે અને આવનારી મુશ્કેલીઓમાંથી બચી શકશો.' દાદીએ પૌત્ર-પૌત્રીઓને કહ્યું ત્યારે હા એ હા કરી... પરંતુ જયારે એમની આસપાસના વાતાવરણમાં જયારે એક બે કિસ્સા બન્યા ત્યારે એમને વાત સમજાઈ કે બાની વાત સાચી છે.




એક ઉદાહરણ એવું હતું કે એકભાઈ કોઈની ઓફિસમાં કોઈ કામે ગયાં. હવે એ ઓફિસના એક રૂમાં તેઓ એ કામ કરી રહ્યા હતા એ દરમિયાન એ રૂમમાં ભીડ વધી ગઈ તો એ ભાઈ બીજા રૂમમાં ગયા. ત્યાં જે ટેબલ પડ્યું હતું એના પર ઠંડા પાણીની એક બોટલ પણ પડી હતી. પંદર મિનિટ પછી એમને તરત લાગી એ ભાઈએ જોયું કે એ બોટલમાં પાણી જ ભર્યું હશે, કારણ કે ટેબલ પર મુકેલી છે. જેવું એમણે મોઢે માંડ્યું તો થું થું થું કરીને જે તોડું પ્રવાહી મોઢામાં ગયું હતું તે બહાર કાઢ્યું.... પછી તપાસ કરતા ખબર પડી કે એમાં કાચ સાફ કરવા માટે કેરોસીન ભરેલું હતું તે ત્યાં જ રહીગયું હતું. સદનસીબે એ ભાઈને બીજી કોઈ શારીરિક તકલીફ ના થઈ પરંતુ એમને એમના બાની સલાહ યાદ આવી કે બેટા, અજાણી ચીજવસ્તુઓ, કોઈ પણ પ્રવાહી કે ખાદ્ય પધાર્થો ચકાસણી કર્યા વિના કયારેય ખાવી નહિ કે એને અડવું પણ નહીં.

એક બીજો કિસ્સો સાવ નાના બાળક સાથે જોડાયેલો છે. એ બાળકના જન્મ પછી હજી એમના મમ્મી-પપ્પા એ ખાંડ મીઠું કે મરચું આપ્યા ન હતા. એક દિવસ એમના ઘરે એક મહેમાન આવ્યા, એમણે હોંશે હોંશે કીધું કે હવે તો બાળક મોટું થઈ ગયું છે એને ધીમે ધીમે બધું અપાય. એમણે શાકમાંથી બટેટાનો એક ટુકડો છુંટીને એ બાળકને આપ્યો અને એ બાળક તીખું લાગવાથી ખુબ રડ્યું. એ સમયે પણ દાદીની શીખામણ યાદ આવી કે બાળકના ઉછેર ધીમે ધીમે થતો જાય, આપણે ડગલેને પગલે એની કાળજી લેવી જોઈએ.

દાદી હંમેશા કહે કે જયાં ગયા હોઈએ ત્યાં કેટલી વસ્તુ સાથે લઈને ગયા છીએ તે યાદ રાખો અને ત્યાંથી ઊભા થાવ ત્યારે ઉતાવળમાં ઊભા થાવ ત્યારે ઉતાવળમાં નહિ, શાંતિથી ચકાસણી કરીને એને પોતાની બેગમાં કે થેલીમાં મુકો. એમની સલાહ કોઈને ગમે નહિ પરંતુ આસપાસના ઘરોમાં બે-ત્રણ વાર એવું બન્યું કે એક વ્યક્તિ ઉતાવળમાં આવજો આવજો કરવામાં પોતાની બદલે કોઈ બીજાનો મોબાઈલ ફોન લઈને નીકળી જાય પછી ફરીયાદ આવે ત્યારે એમને આપવા એમના ઘરે જવું પડે. સમય-ઈંધણ અને પૈસા ત્રણેનો વ્યય થાય.

આમ વડિલોની નાની નાની સલાહો પર ધ્યાન આપીએ તો આપણને ફાયદો જ છે એ વાત આપણે ભૂલી જઈએ છીએ. પરિણામે વડિલોની સલાહ ગમતી નથી અને પ્રસંગે પ્રસંગે એની અવગણના કરવાથી હેરાન થવાનું પણ બને છે.

વડિલો પાસે અનુભવ છે. તેઓ ખાડામાં કયારેક પડ્યા છે, પછી તેઓ ઈચ્છે છે કે તેમના પરિવારજનો ના પાડે, હેરાન ન થાય. આ સલાહ સુચન જયારે કોઈ સમજીને અમલમાં મૂકે છે ત્યારે સમજણના અજવાળા રેલાય છે.

# સાચના અને કાચના સંબંધોને જોજો આંચ ના લાગે...

સાચના સંબંધ બહુ ઓછા હોય છે. મોટાભાગના આપણા સંબંધો કાચના હોય છે, તેને નંદવાઈ જતા વાર નથી લાગતી. આપણે નથી ઊંડે જોતા કે નથી ઊંચે જોતા. આપણો આપણી જાત સાથેનો સંબંધ પણ કેટલો અછડતો છે. કોઈ દિવસ મનગમતું એકાંત મેળવીને નિરાંત જીવે આપણે કોઈ દિવસ આપણી જાત સાથે વાત કરવાનો મોકો મળ્યો છે ખરો??

માણસ જાત જન્મે છે ત્યારથી ઈચ્છા હોય કે ન હોય એ સંબંધોની માયાજાળમાં ફસાતો જ રહે છે. પ્રત્યેક સંબંધ મારીચના રૂપમાં સુવર્ણમૃગ છે. દૂરથી જોવાની મજા છે, પાસે જઈને કદી પકડી શકાતો નથી. આપણે જો જાત સાથે સંબંધ કેળવીએ તો કસ્તુરીમૃગ થવાય. કસ્તુરીમૃગ પાસે પોતાની સુવાસ હોય છે. જે માણસ પાસે પોતાનું કશુંક પણ હોય તેને બહારના કશા પર ઝાઝો મદાર રાખવો પડતો નથી.

જ્યારે બધા જ સંબંધો પોકળ અને પામર પુરવાર થાય ત્યારે અથવા ન થાય તોપણ માણસે ક્યારેક તો સંબંધની પાર જતા રહેવું જોઈએ.

આગ્રહ બરાબર છે પરંતુ દુરાગ્રહ ખોટો છે?. અભિવ્યક્તિ બરાબર છે પરંતુ તેમાં કટુતા હોય તો તેમાં પડવા જેવું નથી. સત્ય પણ સારી રીતે કહી શકાય છે. તમે ગમે તેટલા સાચા હોવ કે આખાબોલા હો, પણ કોઈને વાગે એ રીતે વાત ન કરાય. શરીરનું ખૂન કરીએ તો ખૂની કહેવાય પણ શબ્દોથી કોઈને દુભાવીએ તો એની શિક્ષા અંતે તો આપણને જ ક્યારેક ને ક્યારેક થતી હોય છે.

હા, તેનો અર્થ એવો નથી કે આપણે શબ્દોથી લોકોને પંપાળે જ રાખીએ? જ્યાં આપણા સત્યની જરૂર હોય ત્યાં જ વાત કરી શકાય આપણું સત્ય અને આપણા આંસુ ક્યારેય સસ્તા ન બનાવવા. બંને ખૂબ મુલ્યવાન છે ગમે ત્યાં ન વેડફાય.

અને જરૂર વગર કોઈનો અહમ્ શા માટે અડફેટમાં લેવો? ઘવાયેલા અહમ્ વાળો માણસ પશુ થઈને વિફરે છે અને વકરે છે..

આપણે મોટેભાગે અભિપ્રાય ઓકતા હોઈએ છીએ. આપણે જ્યારે અભિપ્રાય વ્યક્ત કરતા હોઈએ છીએ ત્યારે આડકતરી રીતે એવું પુરવાર કરવા માગીએ છીએ કે આના કરતાં મને વધુ આવડે છે.

સાચું બોલવું અને સારું બોલવું એ કળા છે પણ કોણ જાણે કેમ માણસ જાત એકમેકને સુખી કરવા ટેવાઈ જ નથી ! જ્યાં સુધી વ્યક્તિ એકમેકને દુઃખ ના આપે ત્યાં સુધી માણસને ચેન પડતું નથી. જેમ જેમ સંબંધ વધુ ગાઢ થતો જાય તેમ તેમ દુઃખી કરવાની કળા પણ ગૂઢ અને પ્રબળ થતી જાય છે. જે ક્ષણે આપણા સુખનો આધાર બીજાના દુઃખ પર આધાર રાખતો થઈ જાય તે ક્ષણથી આપણું મનુષ્ય તરીકેનું પતન થયું એમ જ સમજો.

મહેણાં ટોણા, વાતવાતમાં મોઢું ચડાવવું, અબોલા લેવા આ બધી સામી વ્યક્તિને યાતના આપવાની અનેક પદ્ધતિઓ છે.

લગ્નજીવન એ શું છે ? કેટલી અને કેવી કુશળતાથી પતિ અથવા પત્ની પોતાની વાતની સહમતિ મેળવી શકે છે તે. આમાં શતરંજની ચાલની જેમ બે પગલાં આગળ તો કોઈ વખત બે ડગલાં પાછળ ચાલીને પણ બાજી બચાવવાની જેહમત જ કરવાની હોય છે.

માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની આ દરેક સંબંધો અંતે તો છૂપું રાજકારણ જ છે ને! અચંબિત ન થશો. ઈમોશનલ બ્લેકમેલિંગ દ્વારા જે કામ કઢાવવામાં આવે છે તેના કરતાં તો લમણે પિસ્તોલ મૂકીને કોઈ લૂંટી લે તે વધુ સારું લાગે ....

સંતાનનું આજ્ઞાંકીતપણુ ઘણીવાર આવી તક આપે છે. જે સંતાન નફફટ થઈને જવાબો આપે છે, તેવા મહારથીની વાત નથી. પરંતુ જે સંતાન માતા-પિતા પત્ની બહેન બધા જ સગાને, બધા જ સંબંધોને સાચવવાનો ભેખ ધારણ કરીને બેઠો હોય છે તેને તો સૌ ટપલા મારી મારીને લાગણીવશ બનાવીને કામ કઢાવીને પોરસાય છે. વાત કડવી છે પણ સાચી છે.




ઘરમાં કોનું મહત્ત્વ વધારે છે કેટલા ટકા સલાહ સૂચનો કયા સદસ્યના માનવામાં આવે છે તેના આધારે પરિવારજનો મનોમન પોતાનું મહત્ત્વ કેલ્ક્યુલેટ કરતા હોય છે.

સંસ્થાઓમાં, સમાજમાં, ઘરોમાં બધે જ આ સ્થિતિ હોય છે. ચૂપચાપ કોઈપણ પ્રશ્નો કર્યા વગર કાર્ય કરે રાખીએ ત્યાં સુધી તમે ગુડ લિસ્ટમાં હો. પરંતુ જ્યારે કોઈ એક પ્રશ્ન પૂછો કે તુરંત જ પસ્તાળ પડે છે.

સંસ્થાઓમાં અને સામાજિક કાર્યોમાં મોટા મોટા પ્રસંગોમાં અને કુટુંબોમાં પણ આ પ્રમાણે છૂપું રાજકારણ ચાલતું હોય છે. અને જેણે ગધેડી પકડી હોય જે ચૂપચાપ કામ કરે રાખતો હોય તેની પાસેથી જ વધુને વધુ અપેક્ષાઓ રાખવામાં આવે છે.

અને રખેને માનતા કે આ બધું ઈરાદાપૂર્વક કરવામાં આવતું હોય છે આ બધો વ્યવહાર તો અજાણતા જ સૌ વ્યક્તિઓમાં ઈનબીલ્ટ જ પડેલો હોય છે.

ખૂબ સામાન્ય વાત છે વારે તહેવારે, જન્મદિવસે, લગ્ન દિવસે નિયમિતપણે પરિવારના દરેક વડીલને રૂબરૂ મળીને અથવા તો ફોન ઉપર આશિષ માગવાનો ક્રમ વર્ષોથી ચાલ્યો આવે છે. આ પ્રકારનો આશિષ યાચવાનો અથવા તો અમસ્તો પણ ફોન કરવાનો શિરસ્તો બીજા કોઈ ક્યારેય નિભાવતા ન હોય છતાં પણ વર્ષોથી આ પ્રમાણે ફોન કરીને આશિષ યાચવાના શિરસ્તામાં એકાદ વાર સરતચૂકથી જો મોડું થઈ જાય તો તુરંત જ ઉપાલંભ સંભળાવવા માંડે છે.

કેમ સાંભળવું પડ્યું? કારણકે તે વ્યક્તિએ ટેવ પાડી હતી કે તે કાયમ આજ્ઞાંકિતપણે, નિયમિત રીતે ફોન કરતી જ રહેશે. જ્યારે બીજા બધાએ કદી આ પ્રકારની ટેવ જ નહોતી પાડી માટે તેની પાસે કોઈ અપેક્ષા પણ નહોતી રાખવામાં આવી.

કોઈ વખત પ્રેશરાઈઝ કરીને, ઘણીવાર કોમ્પ્રોમાઈઝ કરીને પરિવાર, સંસ્થા કે સામાજિક ક્ષેત્રોમાં સૌહાર્દનું વાતાવરણ જાળવી રાખવા માટે કજિયા કંકાસ ટાળવા માટે એડજસ્ટમેન્ટ કરીને જીવતાં જીવતાં આપણે અધમુઆ થઈ જઈએ છીએ.

પણ જસ્ટ ચીલ આપણે કંઈ આ બધા સામે બંડ પોકારીને હિમાલય ભણી ચાલી જવાની આવશ્યકતા નથી. પરંતુ આપણા આત્મીયજનો માટે આખી જિંદગી આપણે આપીએ છીએ.

મા બાપ, ભાઈ બહેન, પત્ની બાળકો, આપણું કાર્યક્ષેત્ર, સામાજિક દાયિત્વ આ બધાથી ઉપર ક્યાંક આપણી માટે પણ જીવી લઈએ. આપણને ગમતી કોઈ એક વસ્તુ કરવામાં દિવસનો માત્ર અડધો કલાક કાઢી નાખીએ તો આનંદ બેવડાશે. કદાચ જે લોકો આપણા પોતાના છે તેમને વધુ સારી રીતે સાચવી શકાશે. સ્વયં સાથેનો સંવાદ વધારીશું તો બીજા વિવાદોથી બચી શકાશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# સંબંધો શરતોની ભીખ ઉપર ક્યારેય શોભતા નથી

આજનો સમય એવો છે કે, સમયના પ્રવાહમાં જો તરતા નહીં આવડે તો અવશ્ય ડૂબી જવાશે. બદલાતા સમયને જોઈને જે વિચાર કરતા હોય છે એ હંમેશા વિચાર જ કરતા રહી જશે. જે સમયના વહેણને પારખીને સમય સાથે વહેવાનાં નિર્ણયને અમલમાં મૂકે છે એ તરી જતા હોય છે. વિચાર કરવામાં મોટી વાત નથી પરંતુ વિચારેલી વાતને અમલમાં મૂકવામાં આવે એ મોટી વાત છે. વિચારવું અને કાર્ય કરવામાં મોટું અંતર હોય છે.

બે મિત્રોની વાત છે. આ બન્ને મિત્રો ભણેલા ગણેલા સંસ્કારી પરિવારના. શાળાથી સ્નાતક સુધી સાથે અભ્યાસ કરીને ઊછરેલા હતા. બન્ને સારા તરવૈયા પણ હતા. એક નદીના કિનારે વાતો કરતા બેઠા હતા. ચોમાસાની મૌસમ હતી. નદીમાં ભરપૂર પાણી હતું. આ બન્ને મિત્રો નદીના સૌંદર્યની વાતો કરતા બેઠા હતા. એવામાં નદીમાંથી બચાવો... બચાવો...ની બૂમ સંભળાઈ. આ બન્ને મિત્રોએ નદીના ધસમસતા પ્રવાહમાં તણાતા વ્યક્તિને જોયો. એક મિત્ર વિચાર કરવા લાગ્યો કે પાણીના વહેણની તાકાત કેટલી છે ? તણાતો વ્યક્તિ કિનારાથી કેટલો દૂર છે ? જ્યારે બીજા મિત્રએ એક મિનિટ વિચાર કરીને યા હોમ કરીને નદીમાં ઝંપલાવી દીધું. નદીમાં કૂદતા પહેલા બચાવવાનો વિચાર કરતા મિત્રને કહેતો ગયો કે, 'કિનારા ઉપરથી કોઈ મજબૂત લાકડુ મળે તો શોધી રાખજે કદાચ હું પણ તણાવા લાગું તો એ કામ આવશે.' થોડીવારમાં નદીમાં કુદી પડેલો મિત્ર પેલા ડૂબતા વ્યક્તિને બચાવીને કિનારા ઉપર લઈ આવ્યો.

જે વ્યક્તિ વિચારો કરીને તક શોધવાને પ્રાધાન્ય આપતો હોય છે એ પરિણામ સુધી પહોંચી શકતો નથી. વિચાર ચોક્કસ આવશ્યક છે, પરંતુ એનાથી વધારે જરૂરી છે અમલીકરણ. જો વિચારો અને આયોજનોમાં જ



આ બે મિત્રો રહ્યાં હોત તો કદાચ ડૂબતો વ્યક્તિ બચી ન શક્યો હોત. સમયની સૌથી મોટી માંગ પ્રેમ પણ છે. પ્રેમાળ અને સ્નેહાળ વ્યક્તિત્વ ગમે તે સમયમાં પોતાનો લક્ષીત માર્ગ કાઢી શકે છે. જીવન ભરપૂર પ્રેમ કરવા લાયક છે. આસપાસની તમામ વસ્તુઓ અને સંબંધોને દિલફાડ પ્રેમ કરો. શક્ય છે જેને તમે બેશુમાર પ્રેમ કરો એ તમારો સૌથી વધારે ફાયદો પણ ઉઠાવે. એ સ્વાભાવિક પણ છે કારણ કે એ તમારી કમજોરી બરાબર જાણે છે. પ્રેમમાં ગયુ રહ્યું કરવાની ભાવના હોય. પ્રેમમાં કોઈ કંડિશનો ન હોય. પ્રેમ તો બસ કરવાની વાત છે. પ્રેમમાં પામવા કરતા પ્રેમમાં હોવું એની જ મજા છે.




પ્રેમ એટલે એક પુરષ અને એક સ્ત્રીનો જ પ્રેમ હોઈ શકે એવી છીછરી માન્યતાથી ઉપર ઊઠીને કુદરતના તમામ પાસાઓના પ્રેમનો આવિર્ભાવ હોવો જોઈએ. પહાડ, નદી, ઝરણા, પશુ-પંખીના સૌંદર્યનો પણ પ્રેમ છે. પિતા-પુત્ર કે માતા-બહેન, સગા વહાલાં અને ઓફકોર્સ પ્રેમિકા સાથે પણ પ્રેમ હોય જ. પ્રેમમાં સૌથી મહત્વનું તત્વ માફીનું છે. કોઈને માફ કરવા જેટલી સમજદારી જરૂર હોવી જોઈએ પણ મુરખ બનાવી માગણીઓ સાથે રમનારા ઉપર વિશ્વાસ રાખી બેવકૂફ ન બનાય. ઈશ્ક ભરપુર કરો પણ યાદ રાખો કે સમયની એ પણ માંગ છે કે, ઈશ્ક તમારી મજાકનું સાધન ન બની જાય.

સમય અને સંબંધનો અનુબંધ પણ જબરો હોય છે. પ્રેમની ઈંટો ઉપર સંબંધોની ઈમારત શોભતી હોય છે. સંબંધમાં સ્નેહની સુવાસ સારી લાગે. સંબંધો શરતોની ભીખ ઉપર ક્યારેય શોભતા નથી. બોલ્યા વગર બેસી રહો તો તમે સારા લાગો અને સાચી વાત કરો તો તમારાથી ખરાબ બીજો કોઈ નથી લાગતો. સાચી વાત કહેવાની અને સાંભળવાની શક્તિ જરૂરી છે.

વ્યક્તિની ખૂબસુરતી એના ચહેરા કરતા એના વ્યવહારમાંથી ટપકતી હોય છે. કોઈની પણ આદત સમજવી હોય તો એને ઈજ્જત આપી જુઓ અને કોઈની પણ ફીતરત સમજવી હોય તો એને આઝાદી આપી જુઓ. સમયની સંદુકમાં એવું સસ્પેન્સ છૂપાયેલું હોય છે કે, એને સમજવાની બેકાર કોશિષમાં સમય ન બગાડવો જોઈએ. બસ સામે આવતા પ્રત્યેક સમયની ઘટનાઓને સ્નેહથી ભિંજવી દો. ખિલેલા રંગબેરંગી સુવાસિત ફૂલોને ક્યાં ખબર હોય છે કે આજે એને મંદિરમાં જવાનું છે કે કબર ઉપર. એ તો બસ ખિલતા રહે છે, હસતા રહે છે, સુવાસ પ્રસરાવતા રહે છે.

**ધબકાર :**

જ્યારે સંબંધ માટે સમય નથી કાઢવામાં આવતો ત્યારે સમય જ આપણી વચ્ચેથી સંબંધને સમાપ્ત કરી નાખે છે.